ભારત-આર્મેનિયા વિદેશ કાર્યાલય પરામર્શની 12મી બેઠક (29 ઑક્ટોબર, 2026)

ભારત-આર્મેનિયા વિદેશ કાર્યાલય પરામર્શ (એફઓસી) ની 12મી બેઠક 29 ઑક્ટોબર 2026 ના રોજ નવી દિલ્હીમાં યોજાઇ હતી.ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સચિવ (પશ્ચિમ) અને રાજદૂત સિબી જ્યોર્જે કર્યું હતું, જ્યારે આર્મેનિયન પ્રતિનિધિમંડળનું નેતૃત્વ આર્મેનિયા પ્રજાસત્તાકના નાયબ વિદેશ મંત્રી, મહામહિમ શ્રી મનાતસાકન સફારિયાને કર્યું હતું. એફઓસીની અગાઉની બેઠક 07 નવેમ્બર 2025 ના રોજ આર્મેનિયામાં યોજાઈ હતી.

2.ભારત અને આર્મેનિયા વચ્ચે રાજકીય અને સત્તાવાર સ્તરે નિયમિત આદાન-પ્રદાનથી ચિહ્નિત ઉષ્માભર્યા અને મૈત્રીપૂર્ણ સંબંધો છે. 2027 માં બંને દેશો વચ્ચે કૂટનીતિક સંબંધોની સ્થાપનાની 35 મી વર્ષગાંઠ થશે.

3.એફઓસી દરમિયાન, બંને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર ક્ષેત્રની સમીક્ષા કરી, જેમાં ઉચ્ચ સ્તરીય આદાન-પ્રદાન, સંસ્થાકીય વ્યવસ્થાઓ હેઠળની બેઠકો અને વેપાર તથા રોકાણ, વિજ્ઞાન અને ટેક્નોલોજી, એઆઇ, શિક્ષણ, આતંકવાદ વિરોધી સહકાર, સંસ્કૃતિ અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો જેવા ક્ષેત્રોમાં સહયોગનો સમાવેશ થાય છે.

4.બંને પક્ષોએ બહુપક્ષીય મંચો પર સહકાર સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ અંગે પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

5.આર્મેનિયામાં પરસ્પર અનુકૂળ તારીખે વિદેશ કાર્યાલય પરામર્શની આગામી બેઠક યોજવા માટે સંમત થયા હતા.

નવી દિલ્હી

29 ઑક્ટોબર, 2026